
માર્ચ ૨૦૧૮

કિંમત ₹ ૨૦/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ



# નોર્મેલિટી



અક્રમ એક્સપ્રેસ

# નોર્માલિટી

## સંપાદકીય

બાળમિત્રો,

આપણે ઘણી વાર અનુભવ કર્યો હશે કે ભાવતી વાનગી પેટ ભરાઈ ગયા પછી પણ ખાતા હોઈએ છીએ, પરિણામે તબિયત બગડે છે. આખો આખો દિવસ બસ, ટી.વી. જ જોયા કરીએ છીએ અને આંખો દુઃખવા લાગે છે. ક્યારેક કંઈ કરવાનું મન ન થાય તો બસ ઊંધ્યા જ કરીએ છીએ. ફ્રેન્ડ આવે તો વાતો જ કર કર કરીએ અને ભણવાનું રહી જાય.

આ બધું શું છે ? આને શું કહેવાય, ખબર છે?

ના. તો, આ અંક વાંચવાનું ચૂકશો નહીં.

કંઈ પણ લિમિટથી વધારે કે ઓછું કરવામાં આવે તો એ કેટલું યોગ્ય છે? એના શું પરિણામ આવે છે? એની આપણા જીવનમાં શું અસર થાય? આની સુંદર સમજણ આ અંકમાં આપી છે. એ વાંચી અને આપણે પણ એબ્નોર્માલિટીમાંથી બહાર નીકળી નોર્માલિટીમાં આવીએ એ જ ભાવના...

-ડિમ્પલ મહેતા




**Printer & Published by**

**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

**Owned by**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

**Printed at**
**Amba Offset**
B-99, GIDC, Sector-25,
Gandhinagar - 382025.

**Published at**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist-Gandhinagar.

**તંત્રી તથા સંપાદક:**
ડિમ્પલ મહેતા
વર્ષ : ૧૦, અંક : ૭
સળંગ અંક : ૧૧૫
**માર્ચ ૨૦૧૮**

................................

**સંપર્ક સૂત્ર :**
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૮૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૫૦ પાઉન્ડ
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાજી કહે છે...

પ્રશ્નકર્તા : વ્યવહારમાં 'નોર્માલિટી'ની ઓળખાણ શું?

દાદાશ્રી : બધા કહેતાં હોય કે 'તું મોડી ઊઠે છે' તો આપણે ના સમજી જઈએ કે આ નોર્માલિટી ખોવાઈ ગઈ છે? રાત્રે અઢી વાગે ઊઠીને તું ફરફર કરે તો બધા ના કહે કે, આટલા બધા વહેલા શું ઊઠો છો? આ 'નોર્માલિટી' ખોઈ નાખી કહેવાય. 'નોર્માલિટી' તો બધાને 'એડજસ્ટ' થઈ જાય એવી છે.

ખાવામાં પણ 'નોર્માલિટી' જોઈએ. જો પેટમાં વધારે નાખ્યું હોય તો ઊંઘ આવ્યા કરે. અમારી ખાવા-પીવાની બધી જ 'નોર્માલિટી' જોજો. સૂવાની-ઊઠવાની બધી જ અમારી 'નોર્માલિટી' હોય. જમવા બેસીએ ને થાળીમાં પાછળથી કોઈ મીઠાઈ મૂકી જાય તો હું એમાંથી થોડુંક લઉં, હું પ્રમાણફેર થવા ના દઉં. હું જાણું કે આ બીજું આવ્યું માટે શાક કાઢી નાખો. પણ તમારે આટલું બધું કરવાની જરૂર નહીં.

તમારે તો મોડું ઊઠાતું હોય તો બોલ બોલ કરવું કે, આ 'નોર્માલિટી'માં નથી રહેવાતું. એટલે આપણે તો મહીં પોતાને જ ટકોર મારવી કે 'વહેલું ઊઠવું જોઈએ'. તે ટકોર ફાયદો કરશે. આને જ પુરુષાર્થ કહ્યો છે. મારી મચડીને વહેલા ઊઠવાનો પ્રયત્ન કરે, એનાથી તો મગજ બગડશે.

કોઈ માણસ પંચાવન વર્ષ સુધી ભણ ભણ કરે તે લોક શું કહે? અલ્યા, તું ભણ ભણ કરીશ તો પરણીશ ક્યારે? એ અબ'વ નોર્મલ. જ્યારે બે વર્ષના બાબાને પરણાવાય એ બિલો નોર્મલ.

અમે ૧૯૪૨ની સાલથી કહીએ છીએ કે ૨૦૦૫ની સાલમાં હિંદુસ્તાન વર્લ્ડનું કેન્દ્ર થઈ ગયું હશે. અત્યારે થઈ રહ્યું છે. પછી ફોરેનની પ્રજા અહીં ભણવા આવશે કે જીવનમાં કેમ જીવવું? નોર્માલિટી કોને કહેવાય? તેઓ એટલા બધા એબવ નોર્મલ થઈ ગયા કે જીવન જીવતાંય ના આવડ્યું. ભૌતિક સુખો અપાર વધારી દીધાં. તો, મૂઆ રાતે તો ઊંઘની ગોળીઓ ખાઈને સૂઈ જાય છે. અલ્યા, ઝેર ખાઉં છું તું. એટલો બધો એક્સેસ થઈ ગયો કે ઊંઘેય ગઈ. ઊંઘ એ તો કુદરતી બક્ષિસ છે તેય ખોઈ બેઠો. આને જીવન કેમ કહેવાય? અલ્યા, ચંદ્ર સુધી પહોંચી ગયા પણ તેમાં તારું શું વળ્યું? તારી ઊંઘવાની ગોળીઓ ખાવાની મટી?





જ્યાં જ્યાં
એક્સેસ થયું
એ બધાથી
થાક લાગે.
વધારે ટી.વી.
જોવાથી ય
થાક લાગે.
અને વધારે રમ
રમ કરવાથી ય
થાક લાગે.



# આ તો નવી



ભગવાનને
પામવાનો માર્ગ
એટલે
'નોર્માલિટી'.
'નોર્માલિટી'થી
મોક્ષ છે. કારણ કે
'નોર્માલિટી'થી
સૌ કોઈ આપણા
પર રાજી રહે.
મા-બાપ, ટીચર્સ,
ફ્રેન્ડ્ઝ....બધાં જ.

'નોર્માલિટી' શું છે ? ગમતું છે એ ભાગ ના રહેવો જોઈએ. ને ના ગમતું એ ય ભાગ ના રહેવો જોઈએ. મોબાઈલમાં ગેમ રમવાનું બહુ ગમે અને ભણવાનું જરાય ન ગમે એવું જો હોય તો નોર્માલિટી ચૂકયા કહેવાય.

ભીડ નહીં ને ભરાવો નહીં, એનું નામ 'નોર્માલિટી'. સંસારનું સુખ 'નોર્માલિટી'માં છે. આઈસ્ક્રીમ આવે તો એટલો બધો ખાઈ લે કે પછી જમવાનું જરાય ન ખાય, એવું નહીં. બધું જ નોર્માલિટીમાં ખાય તો ક્યારે ય માંદા ન પડાય.



# જ વાત !




સંસારમાં સુખી થવા માટે એક જ રસ્તો છે, 'નોર્માલિટી'નો. વ્હોટ્સઅપ પર ફ્રેન્ડ્ઝ સાથે ચેટીંગ કરવામાં, ટી.વી.જોવામાં, ઈન્ટરનેટ પર સર્ફીંગ કરવામાં, ખાવામાં-પીવામાં, ઊઠવામાં-બેસવામાં, હરવા-ફરવામાં, કામકાજ કરવામાં, પ્રત્યેક ચીજવસ્તુમાં 'નોર્મલ' રહે તો દુઃખ નથી.

# જસ્ટ પરફેક્ટ



આંચકો ખાઈને ટ્રેન સ્ટેશન પર ઊભી રહી. પાર્થે બારીની બહાર ડોકિયું કર્યું. "વડાપાંઉ સ્ટોલ"નું બોર્ડ વાંચીને એનું મન લલચાયું. "લાગે છે કે ટ્રેન, પંદરેક મિનિટ તો આ સ્ટેશન પર ઊભી રહેશે."

ધ્રુવ અને શિવમ્‌ને ઈશારો કરીને એણે કહ્યું, "હું હમણાં જ આવું છું."


પાર્થના શબ્દો સાંભળીને શિવમ્‌ને ખૂબ અકળામણ થઈ. બે દિવસ પહેલાં પણ પાર્થના આ જ શબ્દો એણે સાંભળ્યા હતા. તે રાતનું આખું દ્રશ્ય ફરી એની આંખ સામે તાજું થઈ ગયું.

"તેણે કહ્યું હતું કે હમણાં જ આવું છું અને અત્યારે ટાઈમ જો ! મસ્તી-મજાક કરવા આવ્યો છે અહીંયા ? લાઈફમાં ક્યારેય એન્જોય નથી કર્યું ? તને જવાબદારીનું કંઈ ભાન છે કે નહીં?" શિવમે પાર્થને મોટા અવાજે કહ્યું હતું.

ટ્રેનની વ્હીસલ વાગી અને શિવમ્ પાછો વર્તમાનમાં આવ્યો. "પાર્થ આવ્યો કે...." શિવમ્‌નું વાક્ય પતે એ પહેલા જ પાર્થ વડાપાંઉની ત્રણ પ્લેટ લઈને કમ્પાર્ટમેન્ટમાં ચડ્યો.

એક પ્લેટ ધ્રુવને આપી, બીજી પ્લેટ શિવમ સામે ધરી, "થોડું ખાઈ લે, શિવમ્."

"મારે નથી ખાવું," શિવમે મોઢું ફેરવી દીધું.



સામેની સીટ પર બેઠેલા તરુણભાઈ ઘણા સમયથી ત્રણેય યુવાનોને નિહાળી રહ્યા હતા. એમની નજર ધ્રુવની વોટર બોટલ પર પડી. બોટલ ઉપર 'ટેલેન્ટ સર્ચ ફેસ્ટ'નો લોગો જોઈને, એમને વાત કરવાની તક મળી, "શું વાત છે! તમે લોકોએ 'ટેલેન્ટ સર્ચ ફેસ્ટ'માં ભાગ લીધો હતો?"

થોડી ક્ષણો માટે ચૂપકીદી છવાઈ ગઈ. પછી, ધીમે રહીને ધ્રુવ બોલ્યો, "હા, બસ, ત્યાંથી જ પાછા ઘરે જઈ રહ્યા છીએ."

"વેરી નાઈસ. વર્ષો પહેલાં, મેં પણ મારા કોલેજના ફ્રેન્ડસ સાથે આ ફેસ્ટમાં ભાગ લીધો હતો. આજે તમને જોઈને મને અમારી એ ટ્રીપની યાદ આવી ગઈ. ઓહ બાય ધ વે, મારું નામ તરુણ છે," તરુણભાઈએ પોતાની ઓળખાણ આપી.

પાર્થ, ધ્રુવ અને શિવમે પણ પોતપોતાની ઓળખાણ આપી.

"એ ફેસ્ટમાં અમે ખૂબ મોટો ધબડકો વાળ્યો હતો. પણ જીવનનો સૌથી મહત્વનો પાઠ પણ આ ફેસ્ટ દ્વારા જ મળ્યો હતો," તરુણભાઈએ પોતાના અનુભવની વાત શરૂ કરી.

પાર્થ, ધ્રુવ અને શિવમને તરુણભાઈની વાતમાં રસ પડ્યો.


"કોલેજનું નામ રોશન કરીશું, એવી આશાએ અમારી પસંદગી થઈ હતી. આજે વિચારું છું તો થાય છે કે શું જોઈને અમારી પસંદગી કરી હશે. અમે તો નમૂનાઓ હતા. સાવ ઠેકાણા વગરના. એક હતો લેટ-લતીફ, તો બીજો સુપર રઘવાટીયો. અને મને તો જાણે સમયનું કોઈ ભાન જ નહોતું. પહેલી વાર આમ ઘરથી દૂર, એક નવા શહેરમાં કોમ્પીટીશનમાં ભાગ લેવા જઈ રહ્યા હતા."



તરુણભાઈએ વચ્ચે થોડો પોઝ લીધો.

"પછી શું થયું?" શિવમે પૂછ્યું.

તરુણભાઈએ વાત આગળ ચલાવી, "ટ્રેનમાં, પ્રણવ અને હું મસ્તી કરતાં રહ્યા, અને સૌરભ આખી જર્નીમાં વાંચતો રહ્યો. હોટલ પહોંચ્યા ત્યાં સુધી અમે ત્રણેય થાકીને ઠૂસ થઈ ગયા હતા. અમે બંને મસ્તી કરીને અને સૌરભ વાંચી વાંચીને.



હોટલ જોઈને અમારા હોશ ઊડી ગયા. સુંદર સ્થળ પર આલિશાન હોટલમાં રહેવાનો ચાન્સ અમને પહેલી વાર મળ્યો હતો. સૌરભને તો સુંદર સ્થળ કે શાનદાર હોટેલ સાથે કોઈ લેવા-દેવા જ નહોતી. એ તો એની ચોપડી લઈને ખૂણામાં જઈને વાંચવા માંડ્યો. પણ પ્રણવ અને હું, આવા ચાન્સનો લાભ લેવા જતાં ધ્યેય ભૂલી ગયા. આવ્યા હતાં કોલેજનું નામ રોશન કરવા, પણ ત્યાંની રોશની જોઈને મજા માણવામાં ડૂબી ગયા. સાંજ સુધી રખડપટ્ટી કરી. ડીનર પછી ઠોકાઠોક આઈસ્ક્રીમ ખાધો. "

ત્યાં તો પાર્થને ખાંસી આવી અને તરુણભાઈ થંભી ગયા. પાર્થને લાગ્યું જાણે પોતાની જ પ્રકૃતિનો ચિતાર તરુણભાઈ દોરી રહ્યા હતા. એક ક્ષણ માટે તરુણભાઈ અને પાર્થની નજર મળી. પાર્થની આંખોમાં શરમ જોઈને તરુણભાઈ સમજી ગયા.

"પછી શું થયું?" પાર્થે પૂછ્યું.

"ઠોકાઠોક આઈસ્ક્રીમ ખાધા પછી બીજા દિવસે શું હાલત હોય ? કોમ્પીટીશનના દિવસે મારા નાકમાંથી ગંગા-જમુના વહી રહ્યા હતા અને પ્રણવ ઝોકા ખાઈ રહ્યો હતો. સૌરભના પ્રયત્નો અમને તારી ના શક્યા અને અમારી ટીમનું ટેરિબલ પર્ફોમન્સ રહ્યું." તરુણભાઈના અવાજમાં હવે ગંભીરતા આવી ગઈ, "ખૂબ ભારે હૃદય સાથે અમે કોલૅજ પાછા ફર્યા"

સામે બેઠેલા ત્રણેય યુવાનોની પણ એ જ હાલત હતી. જાણે પોતાનું ભવિષ્ય હવે જાણવા મળશે, એવી ઉત્કંઠા સાથે ધ્રુવે પૂછ્યું, "કોલેજમાં બધાનું વર્તન તમારી સાથે કેવું હતું?"

"સાવ શુષ્ક. કોઈ ભયંકર ભૂલ થઈ હોય, એવી લાગણી અમે અનુભવી રહ્યા હતા. એક લેક્ચર પછી અમારા હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટ, સુભાષ સરે અમને એમની કેબિનમાં બોલાવ્યા." તરુણભાઈના અવાજમાં થોડી સ્વસ્થતા આવી અને એ પ્રસંગનું એમણે તાદૃશ વર્ણન કર્યું.

"કેમ છો બોયઝ," સુભાષ સરે કહ્યું. એક ઘંટડી વગાડી, પટાવાળા પાસે ચાર કપ ચા મંગાવી. અને ત્રણેય માથું નીચું રાખીને બેઠા હતા.



સુભાષ સરે એક નાની કટોરીમાંથી ખાંડની એક ચમચી ચામાં નાખી.

"સૌરભ, જો ચામાં ખાંડ ઓછી પડે તો ચા કેવી લાગે ?" ચમચી વડે ચા હલાવતાં, સુભાષ સરે પૂછ્યું.

"ફિક્કી, સર," સૌરભે ટૂંકો જવાબ આપ્યો.

"અને તરુણ, ખાંડ વધારે હોય તો ચા ટેસ્ટી લાગે ?" સરે મને પૂછ્યું.

"ના, સર," મેં કહ્યું.

સરે ચાનો પહેલો ઘૂંટડો લીધો અને બોલ્યા, "હમ્મ...પરફેક્ટ ! ગળી નહીં અને મોળી નહીં. જસ્ટ પરફેક્ટ."

અમને સરનો આશય સમજાયો નહોતો. પણ કોઈને કશું પૂછવાની હિંમત પણ નહોતી.

સરે ચાનો કપ રકાબીમાં મૂક્યો અને બોલ્યા, "એક દિવસ એક ગુરુ-શિષ્ય ક્યાંક જઈ રહ્યા હતા. રસ્તામાં એક યુવાને ગુરુને પૂછ્યું, "હું મારા ધ્યેય સુધી કેવી રીતે પહોંચું ?"

ગુરુજીએ એ યુવાનનું નિરીક્ષણ કરીને કહ્યું, "આનંદ કર. સાધનાને વળગી ના રહે."

થોડીવાર રહીને એક બીજો યુવાન આવ્યો, અને એણે પણ ગુરુજીને એ જ પ્રશ્ન પૂછ્યો. બીજા યુવાનનું નિરીક્ષણ કરી, ગુરુએ કહ્યું, "સાધના કરવામાં મન લગાવ. આનંદ કરવામાં સમય ન વેડફ."

આ સાંભળી પેલા શિષ્યને નવાઈ લાગી. એણે ગુરુને કહ્યું "મને લાગે છે કે આનંદ કરવો કે નહીં, એની તમને ખાસ ખાતરી નથી."

ગુરુજીએ જવાબ આપ્યો, "અધ્યાત્મનો માર્ગ એક ખીણ પર બાંધેલો એવો પુલ છે, જેની કોઈ વાડ નથી. ડાબી કે જમણી બાજુના છેડા પર પહોંચી જઈએ તો પડવાનો ભય રહે. માટે હે યુવાનો, મેં તમને બંનેને માર્ગની વચ્ચે

**"કોઈ પણ ક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત કરીને સુખી થવું હોય તો નોર્માલિટીમાં આવવું પડશે."**

આવવાનું માર્ગદર્શન આપ્યું."

સુભાષ સરે કહ્યું, "કોઈ પણ ક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત કરીને સુખી થવું હોય તો નોર્માલિટીમાં આવવું પડશે. બહુ ડાબી બાજુ નહીં, કે બહુ જમણી બાજુ નહીં. નોર્મલ બનવું પડશે. તમારા ત્રણેયની ટેલેન્ટમાં કોઈ ખામી નથી. પણ નોર્માલિટીની ખામી છે. ટેલેન્ટ ફેસ્ટના ખરાબ પરફોર્મન્સથી આજે તમે દુ:ખી છો. પણ જો જીવનમાં સુખી થવું હોય તો બેલેન્સ કરતાં શીખવું પડશે."

અને પછી સરે અત્યંત ગંભીર સ્વરમાં કહ્યું, "નોર્માલીટી એને ના કહેવાય કે આખો દિવસ ભણ-ભણ કરવું અથવા તો મોજ-મસ્તીમાં એવા ડૂબી જઈને ધ્યેય ભૂલી જવો. બધી જ વાતોમાં બેલેન્સ હોવું જોઈએ."

"એબનોર્મલ થવાની સજા અમને મળી ચૂકી હતી. અને નોર્મલ રહેવાનો પાઠ અમારા હૃદયમાં અંકિત થઈ ગયો," તરુણભાઈએ કહ્યું. અને પછી થોડા આગળ નમીને ખૂબ નરમાશથી સામે બેઠેલા ત્રણેય યુવાનોની સામે વારાફરતી નજર કરીને બોલ્યા, "જેમ ખાંડનું પ્રમાણ ચામાં ખૂબ વધી કે ખૂબ ઘટી જાય તો ચાનો સ્વાદ બગડી જાય, તેમ મોજ-શોખનું પ્રમાણ પણ ખૂબ વધી કે ઘટી જાય તો જીવનનો સ્વાદ બગડી જાય."


ત્યાં તો કમ્પાર્ટમેન્ટમાં "ચાય ગરમ ચાય," નો અવાજ સંભળાયો.


"એક એક કપ ચાય હો જાયે !" તરુણભાઈએ ચાર કપ ચા મંગાવી.

ચાનો પહેલો ઘૂંટડો ભરી, પાર્થ બોલ્યો, "હમમમ... જસ્ટ પરફેક્ટ"

અને બધાં જ એકબીજા સામે જોઈને હસી પડ્યા.


# પોઈઝન


ફેરી લેન્ડમાં રોઝેટા સહુની પ્રિય ફેરી હતી. રોઝેટાનું હાસ્ય ખીલેલા ગુલાબ જેવું હતું અને આંખોમાં હીરા જેવી ચમક હતી. એની ચુલબુલી વાતો નિરુત્સાહી વાતાવરણને ઉત્સાહી બનાવી દેતી.
અને તેથી જ કેટલાય દિવસોથી પરીઓને રોઝેટાની ગેરહાજરી ખૂબ સાલતી હતી.
આઈરીસ, રોઝેટા આજે પણ રમવા ના આવી ?
એણે ઘસીને 'ના' પાડી દીધી. એ અને એનું પેલું ટેકનોલોજીકલ ટોય - ધ જાયન્ટ ક્રિસ્ટલ બોલ. હવે એને આપણી જરૂર ક્યાં છે?
રોઝેટા બહુ જ સેલ્ફીશ થઈ ગઈ છે. એ કોઈની સાથે ક્રિસ્ટલ બોલ શેર પણ નથી કરતી. એકલી ગુફામાં જઈને રમ્યા કરે છે. આપણે પણ એને બોલાવવી નથી.
પણ રોઝેટા આપણી ફ્રેન્ડ છે. આપણે એને ઈગ્નોર કેવી રીતે કરીએ ?
જે રોઝેટા આપણી ફ્રેન્ડ હતી એ તો ક્યાંક ખોવાઈ ગઈ છે. આજની રોઝેટાનું તો રૂપ પણ બદલાઈ ગયું છે.
ક્રિસ્ટલ બોલની વળગણથી ખીલેલા ગુલાબ જેવી રોઝેટા કરમાઈ ગઈ હતી. ક્રિસ્ટલ બોલના સ્ક્રીન પર આખો દિવસ તાકીને જોવાથી રોઝેટાની આંખોની ચમક પણ ગાયબ થઈ ગઈ હતી.


મધર ફેરી પાસે જઈને ફેરીસે રોઝેટાની વાત કરી.
માય ડીયર ફેરીસ, ફેરી લેન્ડમાં ડંકો વગાડીને બધી જ ફેરીસને કાલે રાત્રે ચોકલેટ કેન્ડી હોલમાં આવવાનું આમંત્રણ આપો.
ખૂબ અટાવી-પટાવીને વાયોલેટ, રોઝેટાને ચોકલેટ કેન્ડી હોલમાં તેડી લાવી. રોઝેટા આવી તો ખરી, પણ એના ક્રિસ્ટલ બોલ સાથે.
આલીશાન હોલમાં મધર ફેરીની શાનદાર એન્ટ્રી થઈ. તાળીઓથી ફેરિસે મધર ફેરીને વેલકમ કર્યા. રોઝેટાની નજર એની ફેરી ફ્રેન્ડ્સ પર પડી....
બધા કેવા ખુશખુશાલ દેખાય છે. હું કેમ બધા જેવી હેપ્પી નથી ?
ગુડ ઈવનિંગ ફેરીસ. આજે હું તમને એક આકર્ષક જગ્યાની ટુર કરાવીશ. મધર ફેરીએ રીમોટ કંટ્રોલથી 'મેજિક મિરર'ની સ્વીચ ઓન કરી.
અચાનક, આજુબાજુ બેઠેલી ફેરીસના અવાજ સંભળાયા.
હાઉ બ્યુટીફૂલ
વાઉ
સુપર્બ



ક્રિસ્ટલ બોલમાં ખોવાયેલી રોઝેટાએ મેજિક મિરરના સ્ક્રીન તરફ નજર કરી. એક અત્યંત સુંદર જગ્યાનો નઝારો જોઈને એની આંખો પહોળી થઈ ગઈ.
આ જગ્યાનું નામ છે - વન્ડર લેન્ડ. વન્ડર લેન્ડની સુંદરતા અવર્ણનીય છે. પણ આ મેજિકલ જગ્યાની એક ખાસિયત એ છે કે ત્યાંથી ભાગ્યે જ કોઈ જીવિત પાછું ફરે છે.
આ સાંભળી પરીઓને આંચકો લાગ્યો.
આ વન્ડર લેન્ડ પર અમુક જ પ્રમાણમાં સમય ગાળી શકાય. ત્યાં પ્રમાણથી વધુ સમય ગાળવો જીવલેણ બની જાય છે.
જે પણ ત્યાં વધુ પડતો સમય ગાળે, તેના માટે ત્યાંના વાતાવરણની હવા ધીમે ધીમે ઝેરી બનતી જાય છે. આ વાતની જાણ હોવા છતાંય, ત્યાંની સુંદરતા જોવામાં બધા એવા મશગુલ બની જાય છે કે નોર્માલીટી ભૂલીને જીવ ખોઈ નાખે છે.


નોર્માલિટી ઈસ ધ એસન્સ ઓફ એવરીથીંગ. અબ'વ નોર્મલ કંઈ પણ કરીએ, તો એ પોઈઝન જ બની જાય. પછી એ
વન્ડરલેન્ડમાં ગાળેલો સમય હોય કે...
મધર ફેરીએ થંભીને ક્રિસ્ટલ બોલ તરફ જોયું.
રોઝેટાની દ્રષ્ટિ પણ ક્રિસ્ટલ બોલ તરફ ગઈ અને સ્ક્રીન પર એને પોતાનું પ્રતિબિંબ દેખાયું. પ્રતિબિંબમાં એને પોતાની ખુશી ગાયબ થવાનું કારણ જડ્યું.
આ શું હાલત થઈ ગઈ છે મારી. ક્રિસ્ટલ બોલ રમવામાં બેહદ સમય ગાળીને મેં પણ તો એબનોર્માલીટીનું પોઈઝન પીધું.
વિના સાંકળે ક્રિસ્ટલ બોલે મને જકડી લીધી. ક્રિસ્ટલ બોલની ગુલામ બની, મેં મુક્તિ ખોઈ નાખી.
પોતાની ભૂલની ઓળખાણ પડતાં જ રોઝેટાની આંખોમાં એક ચમક આવી ગઈ, ક્રિસ્ટલ બોલની સ્વીચ ઓફ કરીને એણે મધર ફેરીનું વાક્ય પૂરું કર્યું.
...કે પછી...ક્રિસ્ટલ બોલ કે કોઈ પણ ટેકનોલોજી ગેજેટ્સ પર વિતાવેલો એબનોર્મલ ટાઈમ



# ચાલો રમીએ...

૧. નીચે આપેલી આ કપ કેક દર મહિને બદલાય છે. કેક **1** ઓગસ્ટમાં બની છે, કેક **2** જૂન માં અને કેક **3** મે મહિનામાં. કેક **4** કયાં મહિનામાં બની છે ?






## JJ 111

## થઈ જાવ તૈયાર માણવા..ઉત્સાહ, રોમાંચ અને મનોરંજન..બધું એક સાથે !

હેલ્લો મિત્ર ! એક ખાસ **GNC** પાર્ક, જે ફક્ત તમારા માટે જ બનાવામાં આવ્યું છે. આ પાર્ક નવી મુવી શો, પપેટ શો, આર્ટ અને ક્રાફ્ટની પ્રવૃતિઓ, નવી વસ્તુઓની જાણ કરાવતા ડોમ્સ અને ગ્રુપ ગેમ્સથી ભરપૂર છે. તો શું તમે આનો એક હિસ્સો બનવા ઈચ્છો છો ? તો આવો અને દાદાની ૧૧૧મી જન્મજયંતીની ઉજવણીમાં આ વર્ષે જોડાઈને ક્યારે ન અનુભવેલા એવા મનોરંજક સફરના ભાગ બનો.





# પૂજ્યશ્રીની નિશ્રામાં મુંબઈના બાળકોએ પ્રસ્તુત કરેલો કલ્ચરલ શો...

















# ઐતિહાસિક ગૌરવગાથા

કુમાર નંદીષેણ, રાજગૃહીના મહારાજા શ્રેણિકના પુત્ર થાય. એક દિવસ ભગવાન મહાવીર, વિચરતા વિચરતા રાજગૃહી પધાર્યા. રાજ્યમાં આનંદ આનંદ છવાઈ ગયો. રાજપરિવાર સહિત બધા જ પ્રભુની દેશના સાંભળવા ગયા. નંદીષેણ પણ સાથે ગયા. પ્રભુની વાણી સાંભળતાં સાંભળતાં તેમને વૈરાગ્યનો ભાવ જાગ્યો અને ત્યાં જ તેમણે દીક્ષા લઈ સાધુ જીવન સ્વીકારવાનો નિર્ણય કર્યો.

દેશના પૂરી થયા બાદ નંદીષેણ પ્રભુ પાસે ગયા. એમને વંદન કરી, પોતાને દીક્ષા આપવાની વિનંતી કરી. ભગવાન મહાવીર તો ત્રિકાળ જ્ઞાની. બધાનું બધું જોઈ-જાણી શકનારા ભગવાન મહાવીરે નંદીષેણને દીક્ષા લેવા માટે ઉતાવળ ન કરવા અને થોડોક સમય રોકાઈ જવા માટે કહ્યું. તેઓ નંદીષેણના ભાવિને જોઈ શકતા હતા કે તેણે ગાઢ રીતે બાંધેલા સાંસારિક કર્મ હજુ ભોગવવાના બાકી છે. તેનો હિસાબ ચૂક્તે કર્યા વિના તેમની દીક્ષા સફળ થાય તેમ ન હતી.

નંદીષેણ દીક્ષા લેવા માટે કૃતનિશ્ચયી હતા. તેમણે હઠપૂર્વક દીક્ષા લીધી જ અને સંયમી સાધુ જીવન પાળવા લાગ્યા. તેમને ભગવાનની વાણીથી એ ખબર હતી કે તેમના સંયમજીવનમાં મુશ્કેલી આવવાની છે, તેથી તેઓ હંમેશાં સાવધ રહેતાં અને કઠોરતાપૂર્વકનો સંયમ પાળતા હતા. ક્યાંયથી તેમના સંયમજીવનમાં કોઈ દોષ ન પ્રવેશે તે માટે તેઓ ખૂબ સજાગ રહેતા હતા પરંતુ તેમણે બાંધેલું ભોગાવલી કર્મ એટલું ગાઢ હતું કે તે તેનો પ્રભાવ બતાવ્યા વિના ન રહ્યું.

તેઓ નિત નિયમ પ્રમાણે એક દિવસ ગોચરી લેવા માટે નીકળ્યા પણ કર્મનો ઉદયકાળ આવી પહોંચેલો તેથી તેમને નજીકમાં ક્યાંયથી ગોચરી ન મળી. તેથી તેઓ નગરના છેવાડે આવેલા સમૃદ્ધ દેખાતા આવાસો તરફ વળ્યા. વૈભવી લાગતા એક આવાસના દ્વાર પાસે ઊભા રહીને તેમણે બુલંદ અવાજે 'ધર્મલાભ'ની ઘોષણા કરી. બહાર ઊભા રહેલા ચોકીદાર માટે આ પ્રકારના સાધુનું આગમન અસામાન્ય હતું, એટલે શું પ્રતિભાવ આપવો તે બાબતે એ મૂંઝાયો. સાધુએ હવેલીના ઓટલે ચડીને ફરીથી 'ધર્મલાભ' કહ્યો.

કંઈ સમજણ ન પડવાથી ચોકીદારે અંદર જઈને, દ્વાર ઉપર આવીને ઊભેલા સાધુની જાણ કરી. અંદરથી એક ઠસ્સાદાર રૂપવતી સ્ત્રી બહાર આવી.

તેણે દ્વાર ઉપર ઊભેલા સાધુને જરા હસીને કહ્યું, "અહીં તો 'ધર્મલાભ' લેનાર કોઈ નથી. આ દ્વારે તો 'ધનલાભ' કહેનારનું સ્વાગત થાય છે."

રૂપાળી સ્ત્રીના વ્યંગથી છેડાઈ ગયેલા સાધુએ રોષમાં કહ્યું, "તારે કેટલું ધન જોઈએ છે ? તું લેતાં થાકે એટલા ધનની હું વર્ષા કરી શકું તેમ છું."

એમ કહી સાધુએ આંગણામાં પડેલ એક તણખલું હાથમાં લઈને તેના બે કટકા કર્યા. ત્યાં તો હવેલીના આંગણામાં જ કરોડો સોનાનો ઢગલો થઈ ગયો. ધનની વર્ષાથી ચકિત થઈ ગયેલ આ રૂપાંગનાને સાધુ અને તેનો મિજાજ બંને ગમી ગયા.

તેણે સાધુની સામે વેધક નજરે જોતાં કહ્યું, "આટલા બધા ધનને હું એકલી કેવી રીતે વાપરી શકીશ ? હવે તે વાપરવા આપ મારી સાથે સંસાર માંડો." અને તેણે નીચા નમીને સાધુને આવાસમાં પધારવા વિનંતી કરી.

નંદીષેણ એ સુંદર સ્ત્રી પર મોહિત થઈ ગયા. તેઓ એની પાછળ પાછળ એના આવાસની અંદર પહોંચી ગયા.

તે રૂપાંગનાએ તેમને બેસવા માટે આસન ધર્યું અને સામે પીણું મૂક્યું. ત્યારે જ સાધુના મનમાં કંઈક ઝબકારો થયો કે તેઓ ક્યાં અને કેટલે પહોંચી ગયા છે.

ક્ષણભર તેમને ભગવાનની વાણી યાદ આવી પણ તે તેમને પાછા વાળી શકી નહીં. છતાંય ધર્મના સંસ્કારો તેમના ઉપર એટલા ગાઢ પડેલા હતા તેથી તેમણે નક્કી કરી કહ્યું, "અહીં હું રોકાઈશ અને તારી ઈચ્છાનું પાલન કરીશ. પરંતુ, હું પ્રતિજ્ઞા કરું છું કે રોજના દસ માણસોને હું ધર્મ પમાડીશ અને ત્યાર પછી જ હું ભોજન કરીશ."

નંદીષેણ છેવટે તેમના ગાઢ ભોગાવલી કર્મને આધીન થઈને ત્યાં જ રહી ગયા. આમ બાર વર્ષ પસાર થઈ ગયા. તેઓ રોજ દસ જણાને પ્રતિબોધ (ધર્મ તરફ વાળે) કર્યા પછી જ ભોજન માણતા.

એક દિવસ એવો ઊગ્યો કે તે દિવસે નવ જણા તો પ્રતિબોધ પામ્યા પણ દસમો જણ કેમે ય

માને નહીં. નંદીષેણ વિવિધ રીતે તેને ધર્મની વાત સમજાવે પણ તે માને જ નહીં.

જમવાનો સમય પસાર થઈ ગયો. રૂપાંગના ભોજનના થાળ પીરસીને બેસી રહેલી. થોડી થોડી વારે તે નંદીષેણને બોલાવ્યા કરે. નંદીષેણ દર વખતે કહે કે, "આ દસમો જણ પ્રતિબોધ પામે એટલે હું આવું."

રાહ જોઈને કંટાળેલી રૂપાંગનાએ અંતે વ્યંગમાં કહ્યું, "જો તે ન જ માને તો છેવટે તમે પ્રતિબોધ પામો એટલે દસ થઈ જશે."

રૂપાંગનાના શબ્દોથી નંદીષેણનો આત્મા જાણે આળસ મરડીને જાગી ગયો.

તેમણે કહ્યું, "તારી વાત સાચી છે. આજે દસમો હું. હવે મારું ભોગાવલી કર્મ પૂરું થાય છે. મને આગળનો માર્ગ દેખાઈ રહ્યો છે. હવે હું અહીં રોકાઈ શકું તેમ નથી."

અને નંદીષેણ ત્યાંથી નીકળીને ભગવાન મહાવીર પાસે જઈ પહોંચ્યા. તેમણે પુનઃ ચારિત્ર ગ્રહણ કર્યું. કરેલા ગુનાનું પ્રાયશ્ચિત કરી ઉત્કૃષ્ટ રીતે ધર્મ કરવા લાગ્યા. અનેકોને પ્રતિબોધ કરીને છેવટે જીવન પૂરું કરીને દેવલોકમાં સિધાવ્યા.



# મીઠી યાદેં

ઈ.સ. ૨૦૦૨ની વાત છે. એક બ્રહ્મચારી ભાઈ પહેલી વાર નીરુમા સાથે વિડીયોની સેવામાં બહારગામ ગયા હતા. ત્યાં એમણે સેન્ટરનો કેમેરો ઓપરેટ કરવાનો હતો. સત્સંગ હોલમાં જઈને એમણે કેમેરો ફીટ કરી દીધો. નીરૂમા હજી આવ્યા નહોતા એટલે એ બીજા ભાઈ સાથે ગપ્પા મારતા હતા. અને અચાનક ધડામ દઈને અવાજ આવ્યો.

જોયું તો કેમેરો નીચે પડ્યો હતો અને એનો લેન્સ તૂટી ગયો હતો. એક નાનો છોકરો રમતો હતો. એ દોડતા દોડતા એ કેમેરાના સ્ટેન્ડ સાથે ભટકાયો અને કેમેરો પડી ગયો. નીરુમા માટેનો ખાસ એ મોંઘો હાઈ રેન્જનો કેમેરો હતો. બધા ધ્રૂજવા લાગ્યા કે હવે શું થશે? આપણે નીરુમાને કઈ રીતે કહી શકીશું કે મારાથી નથી પડ્યો. તરત એ ભાઈએ ત્યાં બીજો કેમેરો લગાવ્યો. બીજો કેમેરો નાનો હતો.

થોડી વારમાં નીરૂમા આવ્યા. એમણે તરત જોયું કે કેમેરો નાનો છે. બધા ટેન્શનમાં હતા. સત્સંગ પૂરો થયા પછી બીજા ભાઈએ નીરૂમાને વાત કરી કે આવું આવું થયું.

સાંભળતા જ નીરૂમા બોલ્યા, "અરે ગોંડિયાઓ, આમાં કંઈ ગભરાવાતું હશે ? કેમેરો જ તૂટ્યો છે ને. બીજું કંઈ થોડું તૂટ્યું છે ? ચાલ આઈસ્ક્રીમ મંગાવ તું. કોણ હતું એ કેમેરા પર ?"

એ ભાઈ સામે આવ્યા એટલે નીરુમાએ કહ્યું, "ચાલ, તું જ બધાને આઈસ્ક્રીમ આપ."

અને એક જ સેકન્ડમાં આખું વાતાવરણ હળવું થઈ ગયું. બધાને જે ડર હતો એ ગાયબ થઈ ગયો. ને આમ એ બધો જ ડર નીકળી ગયો. બધાને હંટર મારવાના હોય એવો ડર હતો એની જગ્યાએ જાણે ફૂલ વરસી ગયા હોય એવી રીતે સેલિબ્રેશન કર્યું.

**અને ત્યારે બધાને એવું થઈ ગયું કે, ખરેખર...**
**આ માવડીની કોઈની સાથે તુલના ના થાય!!**





# સમર કેમ્પ

## બાળકો-યુવાનો માટે સંસ્કારસિંચન શિબિર - વર્ષ ૨૦૧૮

| | ગ્રુપ - બાળકો ૮ થી ૧૨ વર્ષ | | ગ્રુપ - બાળકો ૪ થી ૭ વર્ષ | |
|---|---|---|---|---|
| સેન્ટર | તારીખ | સંપર્ક | તારીખ | સંપર્ક |
| સીમંધર સીટી | ૨૩,૨૪ એપ્રિલ | ૦૭૯-૩૯૮૩૦૯૩૯ | ૨૨ એપ્રિલ | ૦૭૯-૩૯૮૩૦૯૩૯ |
| સુરત | ૨૨,૨૩ એપ્રિલ | ૯૭૨૫૮૩૨૭૦૪ | ૨૫ એપ્રિલ | ૯૮૨૫૨૩૩૫૫૯ |
| સુરત-રાંદેર | ૧૬,૧૭ જુન | ૯૦૩૩૫૨૨૨૪૮ | - | - |
| બરોડા | ૨૮,૨૯ એપ્રિલ | ૮૯૮૦૯૯૫૨૫૫ | ૨૬ એપ્રિલ | ૯૫૫૮૨૦૬૬૪૦<br>૯૯૦૪૪૦૫૧૫૫ |
| સુરેન્દ્રનગર | ૨૮,૨૯ એપ્રિલ | ૯૫૧૨૬૭૨૪૩૩ | - | - |
| ભરુચ | ૩ મે | ૯૬૬૨૫૨૦૯૯૮ | - | - |
| ભુજ | ૧,૨ મે | ૯૫૩૭૨૭૩૨૧૦ | - | - |
| ગાંધીધામ | ૨૯ એપ્રિલ | ૯૯૭૮૪૯૩૫૬૮ | - | - |
| રાજકોટ | ૨૫,૨૬ એપ્રિલ | ૯૭૨૩૫૯૧૬૦૬ | ૨૪ એપ્રિલ | ૯૪૨૬૪૬૦૯૩૮ |
| ધોરાજી | ૨૨ એપ્રિલ | ૯૫૭૪૦૪૬૦૮૨ | - | - |
| મોરબી | ૧ મે | ૯૪૦૮૯૨૪૩૪૩ | - | - |
| જામનગર | ૨૮,૨૯ એપ્રિલ | ૯૭૨૩૧૪૭૩૧૮ | - | - |
| ભાવનગર | ૨૯ એપ્રિલ | ૯૯૨૪૩૪૪૪૨૫ | - | - |
| મહેસાણા | ૨૯ એપ્રિલ | ૯૮૨૪૯૨૯૭૮૨ | - | - |
| અંકલેશ્વર | ૪ માર્ચ | ૯૦૩૩૫૨૬૦૫૦ | ૩ માર્ચ | ૯૪૨૭૮૦૫૭૩૬ |
| મુંબઈ | ૧૪,૧૫ એપ્રિલ<br>૨૧,૨૨ એપ્રિલ | ૯૭૭૩૧૮૧૬૫૩<br>૯૬૬૪૩૬૩૦૯૧ | ૧૪ એપ્રિલ<br>૧૫ એપ્રિલ | ૯૯૨૦૨૮૬૮૧૭<br>૯૮૨૦૫૦૮૬૦૮ |
| અમદાવાદ | ૨૮ એપ્રિલ<br>૨ મે | ૯૭૨૪૯૪૫૦૧૦<br>૯૭૨૭૨૫૯૧૮૫ | ૨૭ એપ્રિલ<br>૧ મે | ૮૧૪૧૩૭૭૮૩૩<br>૯૯૨૪૨૧૩૦૩૦ |

*નોંધ: ૧. સમપકેમ્પમાં ભાગ લેવા માટે આપના નજીકના સેન્ટર પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. રજીસ્ટ્રેશન ચાર્જ નોન રિફંડેબલ રહેશે.*
*૨. રજીસ્ટ્રેશન માટે બાળકની ઉંમર અને ધોરણ પ્રમાણે જે વિભાગો પાડીને તારીખો નક્કી થઈ છે તે મુજબ થશે. જે તે સમરકેમ્પની તારીખના ૫ દિવસ અગાઉ રજીસ્ટ્રેશન બંધ કરવામાં આવશે. ત્યારબાદ રજીસ્ટ્રેશન માટે તત્કાલ ચાર્જ લેવામાં આવશે.*
*૩. સીમંધર સીટી સમરકેમ્પ માટે રજીસ્ટ્રેશન ત્રિમંદીર સંકુલના 'સ્ટોર ઓફ હેપ્પીનેસ' માં સવારે ૯.૩૦ થી ૧૨.૦૦, અને સાંજે ૪ થી ૭ દરમ્યાન જે તે સમરકેમ્પના ૫ દિવસ અગાઉ સુધી રૂબરૂ થઈ શકશે, આ રજીસ્ટ્રેશન ૨૦ માર્ચથી કરવામાં આવશે.*


'અક્રમ એક્સપ્રેસ' માસિકની માહિતી – ફોર્મ નં. ૪ (રૂલ નં. ૮)
૧. પ્રકાશનનું સ્થળ : સીમંધર સીટી, અડાલજ, તા–જિ : ગાંધીનગર, ૩૮૨૪૨૧
૨. પ્રકાશનનો સમય : માસિક
૩. મુદ્રકનું નામ : અંબા ઓફસેટ, રાષ્ટ્રીયતા : ભારતીય,
સરનામું : B–૯૯ GIDC, સેક્ટર – ૨૫, ગાંધીનગર – ૩૮૨૦૨૫
૪. પ્રકાશનનું નામ : મહાવિદેહ ફાઉન્ડેશન વતી ડિમ્પલ મહેતા, રાષ્ટ્રીયતા : ભારતીય,
સરનામું : સીમંધર સીટી, અડાલજ, તા–જિ : ગાંધીનગર, ૩૮૨૪૨૧
૫. તંત્રીનું નામ : ડિમ્પલ મહેતા, રાષ્ટ્રીયતા : ભારતીય, સરનામું : ઉપર મુજબ.
૬. માલિકોના નામ : મહાવિદેહ ફાઉન્ડેશન, રાષ્ટ્રીયતા : ભારતીય, સરનામું : ઉપર મુજબ.
હું ડિમ્પલ મહેતા, આથી જાહેર કરું છું કે ઉપરની માહિતી મારી જાણ અને માન્યતા મુજબ સાચી છે.
તા. ૮–૩–૨૦૧૮, અમદાવાદ. મહાવિદેહ ફાઉન્ડેશન વતી ડિમ્પલ મહેતા (પ્રકાશકની સહી)






**પઝલના જવાબ**

૧) ૪–એપ્રિલ

Akram Express
March 2018
Year : 10, Issue : 7
Conti. Issue No.: 115

Date of Publication on 08th of every mont
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2018-2020
valid up to 31-12-2020
LPWP Licence No. PMG/HQ/040/2018-20
valid up to 31-12-2020
Posted at Adalaj Post office
on 08th of every month

# અને છેલ્લે છેલ્લે....

*નિરંજનદાસે એમના ઘરે ભોજનનું આયોજન કર્યું. અચાનક, એમને ખ્યાલ આવ્યો કે ઘરમાં મીઠું ખલાસ થઈ ગયું છે. એમણે પોતાના દીકરાને બોલાવીને કહ્યું, "દીકરા, ગામમાંથી થોડું મીઠું લઈ આવ. અને ખ્યાલ રાખજે કે તું મીઠાની સાચી કિંમત ચૂકવે. બહુ વધારે નહીં, અને બહુ ઓછી પણ નહીં."*

*આ સાંભળી દીકરાને મૂંઝવણ થઈ. "પિતાજી, વધારે કિંમત ના ચૂકવવી જોઈએ એ તો સમજાયું પણ ઓછી કિંમત કેમ નહીં ચૂકવવી? ઓછી કિંમત ચૂકવું, તો થોડા પૈસાની બચત ના થાય?"*

*પિતાજીએ કહ્યું, "ના દીકરા. એવું કરવાથી, આપણા જેવું નાનકડું ગામ ધીરે ધીરે નષ્ટ થઈ જાય."*

*આ સાંભળી ત્યાં બેઠેલા મહેમાનોને ખૂબ નવાઈ લાગી. એમણે નિરંજનદાસને આ વાતનું કારણ પૂછ્યું.*

*નિરંજનદાસે કહ્યું, "જે વ્યક્તિને પૈસાની ખૂબ તંગી હોય તે જ વ્યક્તિ આમ ઓછી કિંમતમાં વસ્તુ વેંચે. જો આપણે ઓછી કિંમત ચૂકવીએ તો આપણે એવી વ્યક્તિની પરિસ્થિતિનો ગેરલાભ ઉઠાવ્યો કહેવાય."*

*"પણ, આટલી નાની બાબત આખા ગામને કેવી રીતે નષ્ટ કરી શકે?" મહેમાને પૂછ્યું.*



*"શરૂઆતમાં આવી બાબત નાની જ લાગે. પણ દરેક વ્યક્તિ જો આવી બાબતને નાની અને બિનજરૂરી સમજે, તો પછી અંતે શું પરિણામ આવે? કોઈ પણ બાબતમાં પ્રમાણ ના સાચવીએ, તો અંતે મુશ્કેલી જ સર્જાય."*

*જોયું મિત્રો, બધી જ બાબતોમાં નોર્માલીટી જાળવવી કેટલી જરૂરી છે? કિંમત ચૂકવવામાં પણ નોર્માલીટી જાળવવાનું મહત્વ છે.*

અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં# હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. AGIA4313 # અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # # હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. AGIA4313 # #. અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨. જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં. ૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો SMS કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા ID No., ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - ડિમ્પલ મહેતા દ્વારા અંબા ઑફસેટ - B-99 GIDC, Sector - 25 ગાંધીનગર - ૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.